જન્મદિને વધામણી

લવજીભાઈ વાડિયા
પ્રમુખ, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ
મો. ૯૮૨૪૧ ૭૭૫૪૯

સંજયકુમાર બી રાવલ
મો. ૮૫૧૧૨ ૬૨૩૦૫

હેત ધર્મેન્દ્રકુમાર રાવલ
મો. ૯૫૭૪૦ ૯૯૮૭૦

બીબીએ કૉલેજ તેમજ વનશ્રી સંસ્થા દ્વારા ધરતી દિવસની ઉજવણી કરાઈ

વિદ્યાર્થીઓ, અધ્યાપકો દ્વારા ધરતી માતાનું પ્રતીક પૂજન પણ કરાયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી કૉલેજ ઓફ બીજનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા વિશ્વ પૃથ્વી દિવસ ની ઉજવણી કૉલેજ પરિસર ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે વનશ્રી ક્લબનાં અંજનાબેન નિમાવત દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિવિલ ડિફેન્સના ડેપ્યુટી કંટ્રોલર પીઆઈ રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓને સમાજના જાગૃત નાગરિક બનવા માટેની શીખ આપી હતી.

આ પ્રસંગે ધરતી માતાનું પ્રતીક પૂજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ સાથે કૉલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટી, સિનિયર અધ્યાપક જયેશ તન્ના પણ જોડાયા હતા. પ્રો. માર્ગી દેસાઈ તથા કૉલેજ પરિવાર દ્વારા કાર્યક્રમ સફળ રીતે સંપન્ન થયો હતો.

ગાંધીનગર ઍરફોર્સ સ્ટેશન ખાતે તાજેતરમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ગાંધીનગરના ચીફ ફાયર ઑફિસર મહેશ મોઢ દ્વારા જવાનો સમક્ષ ફાયર સેફ્ટીનાં સાધનોનું નિદર્શન કરી તેના ઉપયોગ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઍરફોર્સ એકમ દ્વારા મહેશ મોઢનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત લૉ યુનિવર્સિટીના ફૅકલ્ટી હૉંગકૉંગ આંતરરાષ્ટ્રીય ફૉરમમાં

ગાંધીનગરના પાદરે સ્થિત ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટીને ઇન્ટરનેશનલ ઍસોસિએશન ઑફ લૉ સ્કૂલ (આઈએએસએલ) દ્વારા એશિયા પૅસિફિક લૉ ડિન્સ ફૉરમ માટે તાજેતરમાં આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના આસિ. પ્રૉફેસર અને સ્ટુડન્ટ્સ વૅલ્ફેર ડિન ડૉ. જોશુઆ ઍસ્ટને હૉંગકૉંગ યુનિવર્સિટી દ્વારા હૉંગકૉંગ ખાતે ત્રણ દિવસ માટે આયોજિત આ ફૉરમમાં ભાગ લીધો હતો. આ ફોરમમાં ચાઈના, સિંગાપોર, મલેશિયા, ભારત, વિયેતનામ, ઇન્ડોનેશિયા, બાંગ્લાદેશ, પાકિસ્તાન, થાઈલેન્ડ, ન્યૂઝીલેન્ડ, ઑસ્ટ્રેલિયા, શ્રીલંકા જેવા અનેક એશિયા-પેસિફિક દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ફોરમની થીમ હતી : 'ઍન્વિઝનીંગ ધી ફ્યુચર ઑફ લિગલ ઍજ્યુકેશન ગ્લોબલી - ઇનસીડ ધી ક્રિસ્ટલ બૉલ.' ડૉ. ઍસ્ટને આ ફોરમમાં પરસ્પરના અનુભવો પરથી કેવી રીતે શીખી શકાય એ મતલબનું પોતાનું પ્રવચન પણ આપ્યું હતું.

૨ ઑક્ટોબર, ૧૯૮૦થી જાહેર વિતરણ વ્યવસ્થાના સંચાલન માટે રાજ્ય સરકાર દ્વારા સ્થાપવામાં આવેલા નાગરિક પૂરવઠા નિગમ દ્વારા રોજિંદી વહીવટી કામગીરી ઉપરાંત તાજેતરમાં રાજ્ય સરકારના અગ્ર સચિવ અને પૂરવઠા નિગમના મૅનેજિંગ ડિરેક્ટર સી વી સોમ (આઈએએસ)ના સકારાત્મક પ્રેરણાદાયી નેતૃત્વમાં નિગમની વહીવટી સંકુલ ખાતે કાર્યરત નિગમ ઉપરાંત પોલીસ હાઉસિંગ કૉર્પોરેશન, ગુજરાત ઍગ્રો ઇન્ડસ્ટ્રીઝ અને સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાના અધિકારીઓ, કર્મચારીઓ માટે ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. ૧૦ દિવસ સુધી ચાલેલી આ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ૩૨ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પુરુષ વિભાગમાં ૩ અને મહિલા વિભાગમાં ૩ એમ કુલ ૬ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
ફૅન
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
લાલ રંગ
૬.૪૫

સ્ક્રીન-૩
કુંગ ફુ પાંડા (ડી અંગ્રેજી)
સવારે ૧૦.૩૦
જંગલબૂક (ડી હિન્દી)
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪
કિ ઍન્ડ કા
૭.૩૦
સાંતા બાંતા પ્રા.લિ.
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૧૦.૧૫
લાલ રંગ
સવારે ૧૦.૦૦

સ્ક્રીન-૫
ફૅન
૧૦.૦૦, ૭.૦૦
લાલ રંગ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦

મહાચંડી કોટિયાગ - સેક્ટર-૩ ચેહરધામ ખાતે છેલ્લા ૯ દિવસથી ચાલી રહેલ મહાચંડી કોટિયાગની ચૈત્રિ પૂર્ણિમાની સાંજે પૂર્ણાહુતિ યોજાઈ હતી... એક કરોડ ૧૧ લાખ આહુતિના અંતે પુર્ણાહુતિ આરતીમાં મુખ્ય યજમાન અંબુસિંહ ગોલ અને યજમાનો ભાવવિભોર બની ગયા હતા... વૈદિક મંત્રોચ્ચાર સાથે ૨૨ પથી વધુ ઋષિકુમારોએ નવ દિવસ સુધી આહુતિ આપી હતી... સમગ્ર વાતાવરણ ભાવસભર બન્યું હતું... હજારો ભાવિકોએ યજ્ઞના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.... (તસવીર : કશ્યપ નિમાવત)

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મહાવીર જયંતિના પવિત્ર દિવસે ખાદ્યસામગ્રી તથા પગરખાંનું વિતરણ જરૂરિયાતમંદોને કરવામાં આવ્યું હતું. ભિલોડા તાલુકાના જીભચીતરીયા ખાતે ૬ ગામોનાં કુલ ૧૧૦ જેટલાં વૃધ્ધ નિરાધારોને ૩ કિગ્રા ચોખા તથા મૈત્રી શાળા પાસે પગરખાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. અભિષેકભાઈ, ભીમજીભાઈ, મિલિન્દ ગુપ્તે તથા કમલેશભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

આ જાઓ તડપતે હૈં અરમાં, અબ રાત ગુઝરનેવાલી હૈ...

'આજા રે શબ્દ ધરાવતાં અફલાતૂન ૩૦ હિન્દી ફિલ્મી ગીતોનો ગુલદસ્તો કલાગુર્જરી દ્વારા પ્રસ્તુત કરાયો : શમશાદ બેગમ, ગીતા દત્ત, મહંમદ રફી, લતા મંગેશકર, મુકેશ, આશા ભોંસલે, મન્ના ડે, હેમંત કુમાર, કિશોર કુમારથી છેક લકી અલી, ઉદિત નારાયણ સુધીના ગાયકોના સંગીતની દુનિયા પર સદૈવ રાજ કરતાં ગીતોનું માધુર્ય સંગીતમય દુનિયાની સુહાની સફર કરાવતું રહ્યું'

મહેફિલ
સંજય થોરાત

'ધરતી કો આકાશ પુકારે, આજા પ્રેમ દુવારે...' ૧૯૪૮માં આવેલી 'મેલા' ફિલ્મનું શમશાદ-નૌશાદનું ગીત પરદા પાછળથી પ્રસ્તુત થયું અને માત્ર થોડી જ મિનિટોમાં પ્રેક્ષકો છેક બ્લૅક ઍન્ડ વ્હાઈટના જમાનામાં પહોંચી ગયા... કલા ગુર્જરીનો આ છઠ્ઠો કાર્યક્રમ અને પ્રમુખ ઍન પી પટેલે આવાં સુંદર ગીતો આખું વર્ષ સાંભળવાં હોય તો સભ્યપદ રિન્યૂ કરાવી બીજા લોકોને સારાં ગીતો સાંભળતાં કરો એવી વાત હળવી ભાષામાં કરી...

કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે બધાં જ ગીતો 'આજા રે' શબ્દ ધરાવતાં હતાં. પ્રેક્ષકોએ ત્રીજા જ ગીતથી આ વાત નોંધી લીધી અને એમને સુખદ આશ્ચર્ય પણ થયું.

આ ગીતો ગાવા આવેલા કલાકારોમાં આનલ વસાવડા એટલે જૂના ગીતોને આત્મસાત કરી દિલથી ગાતી યંગ પર્સનાલિટી, સલીમ મલીક એટલે કે મુકેશનો આત્મા, ચિરાગ દેસાઈ-રફીનો પડછાયો, નીરજ પાઠક-કિશોર, હેમંત, ઉદિત નારાયણ, લકી અલી, તલત જેવાં અનેક અવાજો સહજ રજૂ કરતો કલાકાર, પરિશી વર્મા-શમશાદ-ગીતા દત્ત-નૂરજહાંનાં ગીતો ગાતી યુવાન ગાયિકા...આ બધાં જ ગાયકોએ આ ગીતો માટે ખાસ્સી મહેનત કર્યાનું દેખાઈ આવતું હતું.

સંગીત સંચાલન કરતાં પકજ પાઠકને તબલાંમાં મનીષી રાવલ, ઢોલક મિતેશ દેસાઈ, ઑક્ટોપેડ ભાવિન ઠક્કર, ગિટાર-વાસુ સૌનું સંયોજન સુંદર હતું. પંકજ પાઠકે તલત મહેમૂદનું ગીત પણ ગાયું હતું. કાર્યક્રમની અલબેલી ઍન્કર પરિશી વર્માએ ઍન્કરીંગ મસ્તીથી કર્યું અને સાથોસાથ ભૂલે-બિસરે ગીત જેવા શમશાદ, નૂરજહાં, ગીતા દત્તાનાં ગીતો પણ ગાયાં.....

કાર્યક્રમ માટે કલા ગુર્જરીને ખાસ ધન્યવાદ અને નવા વર્ષે પણ સંસ્થા આવા જ સુંદર કાર્યક્રમો આપતી રહે એવી અપેક્ષા પણ વ્યક્ત કરીએ...

ભગવાન સર્વવ્યાપી છે બધી દિશાઓમાં વ્યાપ્ત છે

ગાંધીનગર, તા. ૨૨

ભાવનિર્ઝરમાં આવેલા ઋષિ-કૃષિ જીવન પ્રજ્ઞા વિદ્યાલયમાં ભારતભરના ખેડૂતોના સંતાનો તપોવન પદ્ધતિથી શિક્ષણ મેળવે છે. વિવિધ પ્રાંતના વિદ્યાર્થીઓમાં અમે એક જ ભગવાનના દીકરા છીએ તેવી સમજણ કેળવવા દર વર્ષે મહાવીર જયંતિના દિવસે સ્વાધ્યાય પરિવાર દ્વારા સંવતોત્સવ-વાર્ષિકોત્સવ ઉજવાય છે. આ વાર્ષિક ઉત્સવમાં મંગળવારે સાંજે પૂ.દીદીનું પ્રવચન યોજાયું હતું. દીદીએ પોતાના પ્રવચનમાં ગીતાનું જ્ઞાન વહેંચતાં જણાવ્યું હતું કે, ગીતા વાંચીએ તો અર્જુન પણ નાના બાળક જેવો લાગે. યુદ્ધના મેદાનમાં નહીં લડું કહી તે બેસી ગયા હતા. આપણું નાનું બાળક કરે તેવું તે કહેતા હતા. આ સમગ્ર બ્રહ્માંડનું સંચાલન ભગવાન જ કરે છે તે બાબત સમજાવતાં તેમણે જણાવ્યું હતું કે, જેમ સર્કસમાં એક વ્યક્તિ બે હાથે પાંચ ગોળા ફેરવતો હોય તે જોઈ નાના બાળકોથી લઈ તેના પિતાને પણ આશ્ચર્ય થાય છે તેમ ભગવાન તો બ્રહ્માંડમાં અસંખ્ય ગોળાઓને સાચવે છે. ભગવાન સર્વવ્યાપી છે. ભગવાન તમારાથી બધી દિશાઓથી વ્યાપ્ત છે. બધું જ તમારાથી વ્યાપ્ત છે. સંવતોત્સવ અંતર્ગત યોજાયેલા સવારના પૂજનમાં પ્રતિનિધિ રૂપે પાંચ જિલ્લાના ૪૫૦ દંપતિ આવ્યા હતા. પૂ. દીદીના સાંનિધ્યમાં ઉત્સવ માણવા માટે રાજ્યના વિવિધ જિલ્લાઓના ૫૦,૦૦૦થી વધુ સ્વાધ્યાયી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સંવતોત્સવ અંતર્ગત સાંજના કાર્યક્રમમાં નિવેદન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને પૂ.દીદીના પ્રવચનનું આયોજન થયુ હતું.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક